# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા : ૨૧/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ઉદ્યોગ – ધંધા માટે અગરતલામાં છે તકોની ભરમાર : દિનેશ નાવડીયા

### ચેમ્બરના નેજા હેઠળ વિવિધ ઈન્ડસ્ટ્રી પ્રતિનિધિઓની ત્રિપુરા મુલાકાતે ખોલ્યા નવી દિશાના દ્વાર

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ દિનેશ નાવડીયા અખબારી યાદીમાં જણાવે છે કે, ચેમ્બરના નેજા હેઠળ ગત અઠવાડીયે એક બિઝનેશ ડેલીગેશન અગરતલા, ત્રિપુરાની મુલાકાતે ગયુ હતુ. સુરતની વિવિધ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ આ મુલાકાતમાં જોડાયા હતા. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના વિશેષ પ્રયાસો થકી ત્રિપુરા રાજ્યના મુખ્યમંત્રી બિપ્લવકુમાર દેબ અને ત્યારબાદ સરકારી અધિકારીઓ સાથે સંવાદસેતુ જોડાયો હતો અને મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિપુરા રાજ્ય સરકાર અને ત્યાંના અધિકારીઓ તરફથી આ મુલાકાતને ફળદાયી બનાવવા માટે ખુબજ સારો સહકાર મળ્યો હતો અને વિવિધ ઈન્ડસ્ટ્રીની મુલાકાત ગોઠવી આપવામાં આવી હતી.

ત્રણ દિવસની આ મુલાકાત દરમિયાન ડેલીગેશન ત્રિપુરાના ઈન્ડસ્ટ્રીઝ સેક્રેટરી ડો. પી. કે. ગોયલ, ઈન્ડસ્ટ્રીઝ ડાયરેક્ટર તરીત ચકમા, એડીશનલ પ્રિન્સીપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ પ્રવિણ અગ્રવાલ, હોર્ટીકલ્ચર એન્ડ સોઈલ કન્ઝર્વેશન ડાયરેક્ટર ડો. પી. બી. જમાતીયા, હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડાયરેક્ટર પી. એલ. ચકમા, મેનેજિંગ ડાયરેક્ટર, ત્રિપુરા રીહેબીલીટેશન પ્લાન્ટેશન કોર્પોરેશન પ્રસાદ રાવ વદરાપુ, ત્રિપુરા ફોરેસ્ટ ડેવલપમેન્ટ એન્ડ પ્લાન્ટેશન સેક્ટરના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર બી. દેબરામના, મેડીકલ પ્લાન્ટ બોર્ડ, ત્રિપુરાના ડી.સી.એફ વાંગડુપ ભુતીયા, ત્રિપુરા ટી–બોર્ડના ચેરમેન સંતોષ સાહા સાથે મિટીંગ કરી હતી. આ ઉપરાંત ડેલીગેશને ટી એસ્ટેટ, મેગા ફુડ પાર્ક, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટ ક્લસ્ટર, બામ્બુ પ્રોસેસીંગ અને ફર્નીચર મેકીંગ યુનિટ, રબર પ્રોસેસીંગ યુનિટ, ફુડ પ્રોસેસીંગ યુનિટ, અગરવુડ પ્લાન્ટેશન, બામ્બુ વિલેજ, ટુલ રૂમ વિગેરેની પણ મુલાકાત લઈ ઇન્ડસ્ટ્રી અને તેમાં ઉપલબ્ધ વિવિધ તકોની માહિતી મેળવી હતી.

ડેલીગેશનના સભ્ય અને રીયલ એસ્ટેટ સાથે સંકળાયેલા વેલજી શેટા જણાવે છે કે, ત્રિપુરામાં અગરવુડના વૃક્ષ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ વૃક્ષમાં ઈન્ફેકશન લાગતા તે એક પ્રકારના એન્ટીબોડીઝ બનાવવાનું ચાલુ કરે છે અને ૩–૪ વર્ષના સમયગાળા બાદ આ વૃક્ષને પ્રોસેસ કરી તેમાંથી ચીપ્સ અને ઓઈલ કાઢવામાં આવે છે. ચીપ્સ ધુપ તરીકે અને ઓઈલ પરફયુમમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત આ વૃક્ષનો ઉપયોગ દવામાં પણ કરી શકાય છે. હાલમાં આ ચીપ્સ અને ઓઈલનું એક્ષ્પોર્ટ બંધ છે પણ ટુંક સમયમાં સરકાર આ માટેની પોલીસી જાહેર કરશે. તદુપરાંત બામ્બુ ફર્નિચર, રબરવુડ જેવી આઈટમો રીયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીમાં લાકડાના સારા વિકલ્પ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેમ છે, જે વધુ ટકાઉ છે અને તેમાં પાણી/ઉધઈથી કોઈ સમસ્યા ઉભી થતી નથી. આ તમામ ક્ષેત્રમાં ખુબજ સારી તકો રહેલી છે.

ડેલીગેશન સભ્ય અને ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા દિપક શેટા જણાવે છે કે, ત્રિપુરા ત્રણ તરફથી બાંગ્લાદેશ બોર્ડરથી જોડાયેલું છે. બાંગ્લાદેશનું પોર્ટ ત્રિપુરા બોર્ડરથી અંદાજે ૭૦ કી.મી. દુર છે. બંને દેશો વચ્ચે કરાર થઈ ચુકયા છે અને 'મૈત્રી' બ્રિજનું કાર્ય ચાલી રહયુ છે. આ બ્રિજ બન્યા બાદ તથા ઈન્ટરનેશનલ ચેક પોસ્ટ બન્યા પછી સુરત ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી કે જેમાં સ્ટીચીંગનું ખુબજ મોટું કામ બાંગ્લાદેશમાં થાય છે તે બંને દેશો વચ્ચે વ્યવસાયની વધુ તકો ઉપલબ્ધ થશે, જેથી કાર્ય સરળ બનશે. આ ઉપરાંત ત્રિપુરા સરકાર લોજીસ્ટીકસ પાર્ક અને સ્પેશીયલ ઈકોનીમીક ઝોનની સ્થાપના પણ કરવા જઈ રહી છે, જે ઈન્ડસ્ટ્રી માટે ખુબજ ફાયદાકારક બની રહેશે.

ડેલીગેશન સભ્ય અને ફુડ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા મનહર સાંસપરા જણાવે છે કે, ત્રિપુરામાં પાઈનેપલ, લીચી, જેકફ્રુટ જેવા ફળો ખુબજ મોટા પ્રમાણમાં થાય છે અને તેની ગુણવત્તા પણ ખુબજ સારી છે, પરંતુ ટ્રાન્સપોર્ટના વિકલ્પ મર્યાદિત હોવાથી આ ફળોનો ઉપયોગ પુરતો થઈ શકતો નથી. જો પલ્પીંગ પ્લાન્ટ, ફ્રુટ પાવડર મેકિંગ પ્લાન્ટ, કેન ફુડ પ્લાન્ટ સ્થાપવામાં આવે તો વિપુલ પ્રમાણમાં જે જથ્થો છે તેનો ખુબજ સારો ઉપયોગ થઈ શકે અને માત્ર ભારતની ફુડ ઈન્ડસ્ટ્રી જ નહી વિદેશમાં એક્ષ્પોર્ટ પણ કરી શકાય તે માટેની તકો રહેલી છે.

ડેલીગેશન સભ્ય અને ફાર્માસ્યુટીકલ્સ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા કેતન ઝોટા જણાવે છે કે, ત્રિપુરા પહાડી પ્રદેશ છે અને જમીન ફળદ્રુપ છે. વિવિધ પ્રકારની વનસ્પતિ અહી સારા પ્રમાણમાં થાય છે, જે ફાર્મા ઈન્ડસ્ટ્રીમાં મહત્વનો ભાગ ભજવે છે. આ ઉપરાંત કોવિડ મહામારી બાદ આયુર્વેદમાં લોકોનો વિશ્વાસ વધતો જાય છે. જો 'હર્બ'નો વિસ્તૃત અભ્યાસ કરી દવામાં તેને યોગ્ય રીતે ઉપયોગ લેવાનું શરૂ કરી શકાય તો વિદેશમાંથી અમુક રો–મટીરીયલ જે આયાત કરવું પડે તે અટકી શકે તેમજ ભારતીય આર્યુવેદનો મહત્તમ ઉપયોગ કરી 'માસ પ્રોડકશન' કરી તેને નિકાસ કરી શકાય તેમ છે. સરકાર પણ આ ક્ષેત્રના વિકાસ માટે વિશેષ ધ્યાન આપે તો વૈશ્વિક સ્તરે ભારતીય આયુર્વેદની ખ્યાતિમાં વધારો કરી શકે અને દેશમાં રોજગાર વધી શકે તેમ છે.

આ ઉપરાત, સભ્યો દ્વારા ટી માર્કેટીંગ, એકઝોટિક ફ્રુટનું વાવેતર, રબરની પ્રોડકટ, હેન્ડલુમ હેન્ડીક્રાફટ તથા બામ્બુ પ્રોડકટમાં રહેલી તકો વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડીયા દ્વારા સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓને ઉપરોકત બાબતોમાં કોઈપણ પ્રકારનો રસ હોય અને વિસ્તૃત માહિતી જોઈતી હોય તો ચેમ્બર ઓફ કોમર્સનો સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.